મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૧ ટકા
ગાંધીનગર તાપમાન

હવે, વાહનોની જેમ નડતાં બેરીકેડ્સ પણ ટૉ કરો તો સારું...!!!

વાઈબ્રન્ટના સમાપન બાદ રીલેકસ મોડમાં આવી ગયેલ ટ્રાફિક નિયમન તંત્ર બંદોબસ્ત માટે મુકેલા બેરીકેડ્સ હટાવવાનું ભુલી ગયું...!!!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં છેલ્લા એક માસથી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો માહોલ જામ્યો હતો અને ગત સપ્તાહમાં વાઈબ્રન્ટ સમિટ ઉપરાંત ગ્લોબલ ટ્રેડ શૉના કારણે શહેરીજનોને ટ્રાફિક તથા વાહન પાર્કિંગ વગેરેમાં પરેશાનીનો ભોગ બનવું પડયું હતું. હવે વાઈબ્રન્ટ સમિટ તથા ગ્લોબલ ટ્રેડ શૉનું પણ સમાપન થતાં શહેરજનોએ હાશકારો અનુભવ્યો છે સાથે સાથે ટ્રાફિક પોલીસ તંત્ર એ પણ એટલી નિરાંત અનુભવી છે કે આ નિરાંતમાં રસ્તાઓ પર ખડકી દેવાયેલા બેરીકેડ્સ પણ ઉપાડવાનું ભુલી ગયા છે. જેના પગલે શહેરીજનો મનમાંને મનમાં પોલીસને જાણે કહી રહ્યા છે કે 'હવે વાહનો તો ટૉ કરવાનું બંધ કર્યું પણ આ બેરીકેડ્સને તો ટૉ કરી લો.'

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ તથા ગ્લબલ ટ્રેડ શૉના પગલે શહેરમાં વાહનોના આડેધડ પાર્કિંગ પર ટ્રાફિક પોલીસે કડક વલણ અખત્યાર કર્યું હતું અને રસ્તા પર કે નો પાર્કિંગમાં પાર્ક કરાયેલા વાહનોને ટૉ કરી જવાની કામગીરી સતત હાથ ધરી હતી. હવે સમિટ તથા ટ્રેડ શૉ બંને પુરું થતાં જ આ કાર્યવાહી થોડી હળવી કરી દેવામાં આવી છે અને શહેરીજનો સાથે સમગ્ર ટ્રાફિક નિયમન તંત્ર જાણે હાશકારો અનુભવવા સાથે રીલેકસ મોડમાં આવી ગયું છે. જો કે આ નિરાંત માણવાની ઉતાવળમાં શહેરમાં સમિટ તથા ટ્રેડ શૉ દરમિયાન ખાસ ટ્રાફિક નિયમન માટે બંધ કરાયેલા રસ્તા કે અન્ય કારણો માટે અસંખ્ય બેરીકેડસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેને યોગ્ય રીતે હટાવવામાં ઢીલાશ અનુભવાઈ રહી છે. શહેરના મુખ્ય માર્ગો ગ રોડ અને ચ રોડ તથા ખ રોડ પર ઠેર ઠેર મુકવામાં આવેલા બેરીકેડસ યોગ્ય રીતે હટાવાયા ના હોવાથી હવે તમામ રસ્તા ખુલી ગયાં હોવા છતાં વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. શહેરના હાર્દ સમા ઘ-૪ સર્કલ નજીક ગ્લોબલ ટ્રેડ શૉ તરફ જવાના લાયબ્રેરી વાળા રોડને તો જાણે તંત્ર ખોલવાનું જ ભૂલી ગયું હોય તેમ તેને બંધ કરવા વપરાયેલા બેરીકેડસ જેમના તેમ રહેવા દેવાયેલા જોવા મળ્યા હતા.

આ ઉપરાંત ઘ સાડા ચાર એટલે કે સે-૧૬માંથી સે-૧૭માં જવાના કટ, ચ રોડ પર જિલ્લા પંચાયત આસપાસના વિસ્તાર અને સે-૧૭-૨૨ ના માર્ગ પર તેજ રીતે ખ રોડ પર પણ કેટલેક ઠેકાણે બેરીકેડ્સ અધુરા હટાવાયેલા અથવા આડેધડ માર્ગ પર પડેલા જોવા મળ્યા હતા. કેટલેક સ્થળે તો જે તે વિસ્તારના રહીશોએ જાતે માર્ગ પર નડતા બેરીકેડ્સ હટાવી સાઈડમાં મુકયા હતા. આ જોતા એવું લાગી રહ્યું છે કે ટ્રાફિક પોલીસે સમિટ દરમિયાન જે વાહનો ટૉ કરવાની નીતિ અપનાવી હતી તે રીતે હવે તેમણે બેરીકેડ્સ પણ ટૉ કરવા જરુરી જણાય છે.

આજે પોલીસ લોકરક્ષક ભરતીનું પરિણામ જાહેર થશે....

ગાંધીનગર, તા.૨૩

રાજયભરમાં ૬ જાન્યુઆરીએ યોજાયેલી પોલીસ લોકરક્ષકની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું પરિણામ ગણતરીના દિવસોમાં ભરતી બોર્ડ દ્વારા જાહેર થવાની સંભાવના છે. પરીક્ષા બાદ લાંબા સમયથી જે લોકરક્ષકની પરીક્ષાના પરિણામની ઉમેદવારો રાહ જોતા હતા તેમની આતુરતાનો અંત થશે. જો કે લોકરક્ષકની ભરતીને લઈ કેટલીક ગડબડી થઈ હોવાની બાબતે હાઈકોર્ટમાં પીટીશન થતા ઉમેદવારો પણ પરિણામ આવશે કે નહીં તેની ચિંતામાં મુકાયા છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮માં રાજયના પોલીસ બેડામાં પોલીસ જવાનોની ભરતી માટે અંદાજે ૯૦૦૦ જગ્યાઓ બહાર પાડવામાં આવી હતી જેમાં અંદાજે ૯ લાખથી પણ વધારે યુવાનોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ડિસેમ્બર માસમાં યોજાનાર ભરતીનું પેપર જ લીક થતા ભારે હોબાળો રાજયભરમાં થયો હતો અને આ પેપર લીકની ઘટનાનો કલંક ભૂસવા માટે ભરતી બોર્ડે તાબડતોબ નવી પરીક્ષાની જાહેરાત કરી આ સમગ્ર લોકરક્ષકની પરીક્ષા ૬ જાન્યુઆરી ૨૦૧૯માં યોજવામાં આવી હતી. જો કે આ પરીક્ષામાં પણ ઉમેદવારોએ કેટલીક ગડબડી હોવાની પણ ભરતી બોર્ડને લેખિતમાં ફરિયાદ કરી હતી. વારંવાર ભરતી પરીક્ષાઓમાં છીંડા થતા હોવાથી યુવાનોમાં પણ નિરાશા જોવા મળી છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૨૪મી જાન્યુઆરીએ લોકરક્ષક ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું છે. તેવી ચર્ચાઓ હાલ થઈ રહી છે ત્યારે ગત રોજ આ પોલીસ લોકરક્ષક ભરતી બોર્ડની ભરતીમાં કરવામાં આવેલી કેટલીક ગડબડીને લીધે પાંચ જેટલા ઉમેદવારોએ ભરતી નવેસરથી કરવા હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. આથી ઉમેદવારો હાલ ચિંતામાં મુકાયા છે કે શું પરિણામ આવશે કે નહીં....

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લાંબા સમયથી લોકરક્ષકની પરીક્ષાના પરિણામને લઈ કામગીરી કરવામાં આવી રહી છે. બોર્ડ દ્વારા ગત ૧૭મી જાન્યુઆરીએ આગામી ૧ અઠવાડીયામાં લોકરક્ષકનું પરિણામ જાહેર કરવાની વાત સામે આવી હતી આથી જાન્યુઆરીના અંત સુધીમાં લોકરક્ષકની પરીક્ષાનું પરિણામ જાહેર થવાથી સંભાવના છે. જેથી લોકરક્ષક પરીક્ષા આપનાર યુવાનોની આતુરતાનો પણ અંત આજે આવશે.

૧૮૧ મહિલા અભયમ્ હેલ્પલાઈને પાંચ વર્ષ પૂર્ણ કર્યા

ગુજરાત સરકાર દ્વારા મહિલા સશકિતકરણ અને મહિલા સુરક્ષા અંતર્ગત ચાલુ કરાયેલ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને પાંચ વર્ષ પૂર્ણ થવા પામ્યા છે. અણીના સમયે મહિલાઓને મદદ પુરી પાડવા ઉપરાંત તેમને સુરક્ષા પુરી પાડતી અને જીવનથી નાસીપાસ થયેલ મહિલાઓને યોગ્ય માર્ગદર્શન પુરું પાડી તેમના મનમાંથી આત્મહત્યાનો વિચાર કાઢી નાંખી જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ તરફ વળવામાં મદદરૂપ થતી આ હેલ્પલાઈનને પાંચ વર્ષ પુરા થવાની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. જેમાં હેલ્પલાઈનના કાઉન્સિલર ભાવિકા ભગોરા તથા સુરેખા મકવાણા, કોન્સ્ટેબલ કાજલ પંચાલ તેમજ પાયલોટ વિષ્ણુસિંહ દરબાર ઉપસ્થિત રહ્યા હતા.

માઉન્ટ કાર્મેલનું ગૌરવ

સ્ટેટ ગુજરાત બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૯ માટે સેકન્ડરી સ્કોલરશીપ એકઝામ

લેવાયેલ હતી જેનું તા.૨૩/૦૧/૨૦૧૯ ના રોજ પરીણામ જાહેર થયુ હતું. તેમાં માઉન્ટ કાર્મેલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા મોહિબઅહેમદ બી. અંસારીએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવતા આર્ચાય જેનીફર એ તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે તેમણે અંસારી પરિવારનું ગૌરવ પણ વધાર્યું છે.

વીરદાદા જસરાજ શહિદ દિન ઉજવાયો

લોહાણા વંશના છેલ્લા રાજવી, ગૌરક્ષક, ધર્મરક્ષક અને શૌર્યના પ્રતીક પૂજય વીરદાદા જસરાજ શહિદ દિન નિમિત્તે સે-૨૯ જલારામ મંદિરમાં લોહાણા યુવા સંગઠન દ્વારા ૨૨ જાન્યુઆરી મંગળવારના રોજ પૂજયદાદાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજય દાદાના જયઘોષની સાથે રણગીતનું ગાન ગાવામાં આવ્યું અને ત્યારબાદ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતિભાઈ ઠકકર, મંત્રી અશોકભાઈ પોપટ, લોહાણા યુવા સંગઠનના સહમંત્રી પ્રિયંક ઠકકર, સંસ્થાના અન્ય સભ્યો કુશ ઉદેચા, વિનોદ ઉદેચા, કિરીટભાઈ ઠકકર અને ટ્વિંકલબેન ચંદારાણા ઉપસ્થિત રહ્યા હતા.

મહિલાની આંખ નીચે ઘુસી ગયેલ લાકડાનો ટુકડો બહાર કાઢી આંખ બચાવાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં રહેતી યુવતિને તેના જ ઘરમાં લાકડાનો ઝાંપો બંધ કરતા સમયે લાકડાનો ટુકડો તેની ડાબી આંખમાં અચાનક તેની આંખ નીચે ઘુસી ગયો હતો. જેથી તેને ગંભીર ઈજા પહોંચી હતી અને યુવતિને આંખમાં સતત દર્દ થતુ હતું. યુવતિની સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવી હતી. સિવિલના ડોકટર્સએ અત્યંત જટીલ સર્જરી કરી ૪.૫ સેમીનો લાકડાનો ટુકડો બહાર કાઢયો હતો અને આંખને સહી સલામત બચાવી હતી.

પ્રાપ્ત માહીતી મુજબ આજે સવારે ૯ કલાકની આસપાસ ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામમાં વસવાટ કરતા કાજોલ બહેન પોતાના ઘરનો લાકડાનો દરવાજો બંધ કરી રહી હતી. ત્યારે અચાનક જ ઝાંપાનો લાકડાનો ટુકડો આ યુવતિની ડાબી આંખની નીચે ઘુસી ગયો હતો. ઈજાગ્રસ્ત યુવતિની આંખની નીચેથી લોહી નીકળવાનું શરુ થતા તેને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી. જયા આંખ વિભાગના એચઓડી ડો.રેખા બેન ભરવાડાની દેખરેખ નીચે ડો.શિલ્પાબેન ભટ્ટ દ્વારા તેણીનું તાત્કાલીક નિદાન કરી ઓપરેશન કરવાનું નક્કી કરાયું હતું. આંખની નીચે જ લાકડું ઘુસી જતા આ નાજુક જગ્યાએ ઓપરેશન કરવું ખુબ જ અઘરુ અને જોખમી સાબિત થાય તેમ હતું. પરંતુ ગાંધીનગર સિવિલના આંખ વિભાગના ડો. હેમ દેસાઈ, મેઘા પટેલ, ડો.વેણુમણી દ્વારા આ યુવતિના આંખની નીચે શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. ૧ કલાક ચાલેલા જટીલ ઓપરેશન બાદ યુવતિની આંખ નીચે ઘુસી ગયેલો લાકડાનો ટુકડો સફળતા પૂર્વક બહાર નીકાળવામાં આવ્યો હતો અને આંખને બચાવી લેવામાં આવી હતી. આ ઓપરેશન કરવામાં જો થોડોક સમય વિલંબ થયો હોત તો તેણીને આંખ ગુમાવવાનો વારો આવ્યો હોત. પરંતુ સફળ ઓપરેશન બાદ યુવતિની આંખ બચાવી લેવામાં આવી છે. આ ઓપરેશનમાં સ્ટાફ નર્સ નિતાબેન અને સોનલબેને સહિતના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

આજે સે-૨૨ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

શ્રીમદ ભાગવત મંડપ પંચદેવ મંદિર સે-૨૨ ખાતે તા. ૨૪-૧-૧૯ને ગુરુવારના રોજ રાત્રે ૮ વાગે શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. હનુમાનજીના સુંદરકાંડના પાઠનો લાભ લવા રાધેશ્યામ યાદવ પરિવાર દ્વારા જણાવાયું છે.

આજે સે-૩-સી ખાતે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

શકિત ચોક મંદિર સે-૩-સી ખાતે મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા તા. ૨૪-૧-૧૯ને ગુરુવારના રોજ મધુબેન કે. કડીકરના મધુર કંઠે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સૌ ભાવિકોને જણાવાયું છે.

વાવોલ ગામમાં ધોળે દિવસે તસ્કરો ત્રાટક્યા

શુભમ રેસીડેન્સીમાં રહેતા મહિલા વકીલના ઘરે તસ્કરોનો હાથફેરો : ૫૦ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં શુભમ રેસીડેન્સી ખાતે તસ્કર ટોળકીએ ધોળા દિવસે હાથ ફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. શુભમ રેસીડેન્સીમાં રહેતા એક મહિલા વકીલના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો દરવાજાનું તાળુ તોડીને અંદર ઘુસ્યા અને ૫૦ હજારની કિંમતની મતાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. સેકટર-૭ પોલીસે ઘરફોડ ચોરી મામલે ગુનો દાખલ કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ વાવોલની શુભમ રેસીડેન્સીમાં આઈ-૧૦૫માં રહેતાં કમલેશકુમાર તુલસીદાસ ભઠર ગાંધીનગર કોર્ટમાં જમીન દસ્તાવેજનું કામ કરે છે જયારે તેમના પત્ની મિતાબેન વકિલ છે. મંગળવારે સવારે ૧૧ વાગ્યાના અરસામાં પતિ-પત્ની ઘરે તાળું મારીને ગાંધીનગર કોર્ટમાં ગયા હતા અને સાંજે સાડા સાત વાગ્યે પરત ફર્યા તે સમયગાળા દરમ્યાન તેમના મકાનનાં દરવાજાનો નકુચો અને ઈન્ટરલોક તોડી તસ્કરો કળા કરી ગયા હતા. સાંજે ઘરે આવેલા દંપતિએ અંદર જઈને તપાસ કરતાં સામાન વેરવિખેર પડ્યો હતો અને ૩૦ હજારની કિંમતના સોનાના બે દાગીના અને ૨૦ હજાર રોકડા ગાયબ હતા. ઘટનાની જાણ કરાતાં સે-૭ પોલીસની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને એફએસએલની મદદથી સ્થળ તપાસ કરી હતી. સેકટર-૭ પોલીસ સ્ટેશનના પીઆઈ જે. ડી. મેવાડાએ તપાસ શરુ કરીને આસપાસના રહિશોના નિવેદન અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરમાં તિરંગા યાત્રાનું સમાપન

ગાંધીનગર, તા.૨૩

સભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે આજે સીમાજન કલ્યાણ સમિતિ દ્વારા અમદાવાદથી ગાંધીનગર સુધી વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાઈક સવાર યુવાનો તિરંગા સાથે જોડાયા હતા.

દેશભરમાં આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સીમાજન કલ્યાણ સમિતિ ગુજરાત દ્વારા પણ ઉજવણીના ભાગરૂપે અમદાવાદના પાલડી સ્થિત સ્કાઉટ ભવનથી ગાંધીનગર ચ-૩ રામકથા મેદાનુ સુધી વિશાળ બાઈક રેલીનું આયોજન થયું હતું. અંદાજે ૧૦૦૦થી વધારે ટુ વ્હીલર વાહનો પર ૨૦૦૦થી વધારે યુવાનો જોડાયા હતા. તિરંગા યાત્રાના આખા માર્ગ પર નેતાજીના નારા યુવાનોએ લગાવ્યા હતા. આ તિરંગા યાત્રાને વિજયભાઈ રૂપાણી, બિજલ પટેલ, મુરલીધરજી વગેરેએ હાજર રહી બાઈક રેલીને ઝંડી બતાવી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર જીવણજી સોમાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ચોકસી ગજેન્દ્રકુમાર મોહનલાલ, ઉ.વ. ૬૪

વાઇબ્રન્ટ દરમિયાન ૧૧૫૪ વાહનો ડિટેઇન

પાંચથી વધુ જગ્યાએ મોટા પાર્કિંગ હોવા છતાં માર્ગો પર અને સેક્ટરોમાં આડેધડ વાહનો પાર્ક કર્યા હતા : એકેય પાસે દંડ ન વસુલાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં દર બે વર્ષે યોજાતી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વાહન પાર્કિંગની સમસ્યા મુલાકાતીઓ નાગરિકો પોલીસ માટે માથાનો દુખાવો બની રહે છે. વાઈબ્રન્ટ માટે મેનેજમેન્ટ દ્વારા જુદા જુદા સેકટરોમાં તૈયાર કરવામાં આવ્યા હતા. જે કેટેગરી પ્રમાણે વાહનોના પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી તે મુજબ મુલાકાતીઓને તેમની કેટેગરી પ્રમાણે પાસ પણ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. દરેક મુલાકાતીને તેમને ફાળવવામાં આવેલ પાસ પ્રમાણે ચોક્કસ પાર્કિંગમાં પોતાના વાહન પાર્ક કરવાના હતા પરંતુ દર વખતની જેમ આ વખતે પણ પાર્કિંગ બાબતે અવ્યવસ્થા જોવા મળી હતી જેના કારણે પોલીસ સતત દોડતી રહી હતી.

ટ્રાફિક પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યાનુસાર મહાત્મા મંદિર તથા સેકટર-૧૭ના એક્ઝિબિશનની આસપાસના માર્ગો અને સેકટરોમાં વાહન પાર્ક કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. તેમ છતાં ચોક્કસ કારણોને લઈને આ સમસ્યાનું નિવારણ આવી શક્યું નહોતું. મોટા ભાગના મુલાકાતીઓના વાહન નિયત કરેલા પાર્કિંગને બદલે સેકટરોમાં અને માર્ગો પર જ થવાના કારણે મોટી સમસ્યા સર્જાઈ હતી. જ્યારે બીજી તરફ કેટેગરી નક્કી કરવામાં આવેલા પાર્કિંગ ખાલી પડી રહ્યા હતા. જોકે પાર્કિંગની વ્યવસ્થા કરવા છતાં પોલીસને પહેલેથી જ ખબર હતી કે આવી સમસ્યા સર્જાવાની છે જેને લઈને વાઈબ્રન્ટ સમિટ તથા ટ્રેડ શોના પાંચ દિવસ માટે ટોઈંગ વાન તથા માણસોને ભાડે રાખવામાં આવ્યા હતા અને સતત ૪૦ જેટલી ટોઈંગ ક્રેઈન અલગ અલગ વિસ્તારમાં દોડતી રાખવામાં આવી હતી. પ્રતિબંધિત વિસ્તારમાં પાર્ક થતા ટુ-વ્હીલર્સ તથા ફોરવ્હીલર્સ ટો કરી અને જુદી જુદી જગ્યાએ રાખવામાં આવતા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ પાંચ દિવસ દરમિયાન કુલ ૧૧૫૪ વાહનોને ટોઈંગ કરવામાં આવ્યા હતા. જોકે ટોઈંગ કરેલા વાહનોને વ્યવસ્થાના ભાગરૂપે ત્યાંથી હટાવવામાં આવ્યા હતા. વાહનચાલકો પાસેથી કોઈપણ જાતનો દંડ વસૂલવામાં આવ્યો નહોતો. કારણકે મોટાભાગના વાહનો મુલાકાતીઓના તથા સમિટમાં કામ કરતા કામદારોના હતા. જોકે પાર્કિંગ બાબતે સ્ટાફના વલણના કારણે પણ આ સમસ્યા સર્જાઈ હતી. જે લોકોને જે પાસ આપવામાં આવ્યા હતા તે પાર્કિંગમાં પાર્ક કરવા માટે જણાવવામાં આવતું હતું. જ્યારે નજીકનું પાર્કિંગ ખાલી હોવા છતાં પણ ત્યાં પાર્ક કરવા દેવામાં આવતા નહોતા. જેના કારણે મુલાકાતીઓ દૂરના પાર્કિંગમાં પાર્ક કરવાને બદલે આસપાસના માર્ગો પાસે જગ્યા મળે ત્યાં પોતાનું વાહન પાર્ક કરીને નીકળી જતા હતા.